# 18 વર્ષથી નાની વયની વ્યકિતઓને ધુમ્રપાન માટેની વસ્તુઓ વેચવી અને આપવી

સ્મોક–ફ્રી એન્વાયરનમેન્ટ્સ ઍક્ટ 1990 પ્રમાણે આવશ્યક બાબતો

## છૂટક વેપારીઓ માટેની આ માહિતીપત્રિકામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- સિગારેટ, તમાકુ, રમકડા જેવી તમાકુની વસ્તુઓ અને ધૂમ્રપાન માટેની જડીબૂટીની વસ્તુઓ
- 18 વર્ષથી નીચેનાને વેચાણ, અપરાધ અને દંડ

ધૂમ્રપાન કરનારી પુખ્ત વ્યકિતઓની સંખ્યા કરતાં, ધૂમ્રપાન કરનાર કિશોર–કિશોરીઓની સંખ્યા બહુ ઓછી નથી. નાની ઉંમરમાં જ એની અજમાયશ કરવાથી એ આગળ જતાં જીવનભરનું વ્યસન બની રહે છે. 'સ્મોક–ફ્રી' એન્વાયરનમેન્ટ્સ ઍમેન્ડમેન્ટ ઍક્ટ–2003(ઍક્ટ) બાળકો અને તરુણોને તમાકુની વસ્તુઓથી દૂર રાખવા અને ધૂમ્રપાનથી થતાં નુકસાનો ઓછાં કરવા માટે ઘડવામાં આવ્યો છે. એનો ઉદ્દેશ યુવાન પેઢીમાં તમાકુનો વપરાશ ઘટાડવાનો અને ધૂમ્રપાન રહિત / ઔઆહી કોરે (auahi kore) જીવનશૈલી ઇચ્છનીય અને આદર્શરૂપ હોવાનો રચનાત્મક સંદેશ ફેલાવવાનો છે.

## છૂટક વેપારીઓએ નોંધવા જેવા મહત્વના ફેરફારો (ડિસેમ્બર 2003થી અમલમાં)

### સગીર વ્યકિત(18 વર્ષની નીચેના)ને વેચાણ કરવા પર પ્રતિબંધ

18 વર્ષથી નાની વ્યકિતને સિગારેટ, તમાકુ, રમકડા જેવી તમાકુની વસ્તુઓ અને ધૂમ્રપાન માટેની જડીબૂટીઓની વસ્તુઓ વેચવાની મનાઈ છે. (નીચે 'ધૂમ્રપાન માટેની જડી બૂટીઓની વસ્તુઓ' અને 'રમકડાં જેવી તમાકુની વસ્તુઓ'ની વ્યાખ્યા જૂઓ).

### સગીર વ્યકિતને (જાહેરસ્થળોએ) આપવા પર પ્રતિબંધ

સગીર વ્યકિતને સિગારેટ અને તમાકુની વસ્તુઓ (જાહેરસ્થળોએ) આપવાની મનાઈ છે. દાખલા તરીકે, સગીર વ્યકિત વતી (અથવા એના માટે) સિગારેટ ખરીદી કે દુકાનની બહાર આપી ન શકાય.

### જાહેર નોટિસો

સિગારેટ, તમાકુ કે ધૂમ્રપાન માટેની જડીબૂટીની વસ્તુઓ વેચવાના છૂટક વેપારીઓને નોટિસ બોર્ડ મૂકવાનું જ છે કે 18 વર્ષથી નાની વયની વ્યકિતને સિગારેટ, તમાકુ અને ધૂમ્રપાન માટેની જડીબૂટીની વસ્તુઓ વેચવા પર પ્રતિબંધ છે.

### સગીર વ્યકિતને વેચવાનો બચાવ

સગીર વ્યકિતને તમાકુની વસ્તુઓ વેચવાનો આરોપ હોય તેવા છુટક વેપારીઓના બચાવની કાયદામાં જોગવાઇ છે. એમણે સાબીત કરવાનું છે કે ગ્રાહકની ઉંમર 18 વર્ષ કે તેથી વધારે છે એવું દર્શાવતો 'ઉંમરનો પુરાવો' જોયો હતો.

આ જાતની પરખ (ગ્રાહકની ઓળખાણ) માટેના પુરાવાના પ્રકારો દારૂના વેચાણના 1989 ના કાયદા (સેલ ઑફ લિકર ઍક્ટ 1989) જેવા જ છે. એમાં ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ અથવા HANZ 18+ કાર્ડનો સમાવેશ થાય છે. આ બધા ફોટા સાથેના આઈડી કાર્ડ છે.

### ધૂમ્રપાન માટેની જડીબૂટીઓની વસ્તુઓ

ધૂમ્રપાન માટેની વસ્તુઓની વ્યાખ્યામાં હવે જડીબૂટીયુકત સિગારેટનો પણ સમાવેશ થાય છે.

જડીબૂટીયુકત એટલે કે હર્બલ સિગારેટોમાં નિકોટિન નથી હોતું એટલે કેટલાક લોકો એને 'સુરક્ષિત' ઠરાવીને પ્રોત્સાહન આપે છે. તેઓ કહે છે કે એ તમાકુનો વિકલ્પ છે અને એનું વ્યસન લાગતું નથી. પરંતુ એમાં પણ, કાર્બન મોનોકસાઈડ અને ડામર જેવા નુકસાનજનક પદાર્થોનું પ્રમાણ તમાકુની વસ્તુઓમાં હોય એટલું જ હોય છે. આ પદાર્થો કેન્સર અને શ્વાસની બીમારી ફેલાવવામાં ભાગ ભજવે છે.

ડિસેમ્બર 2003થી હર્બલ સ્મોકિંગ સિગારેટોને પણ તમાકુની સિગારેટો વેચાણ પરનાં ઘણાખરાં નિયમનો – જેમ કે, સગીર ગ્રાહકને વેચાણ કરતી વખતની જરૂરિયાતો / મર્યાદાઓ, વેંડિંગ મશીન દ્વારા સપ્લાય – વગેરે લાગુ કરવામાં આવ્યાં છે.

### રમકડાં જેવી તમાકુની વસ્તુઓ

ઍક્ટમાં રમકડાં જેવી તમાકુની વસ્તુઓ (ટૉય ટોબૅકો પ્રોડકટ્સ)ની વ્યાખ્યા આપવામાં આવી છે : જે કોઈ વસ્તુ દેખાવમાં તમાકુની વસ્તુ જેવી અથવા ધૂમ્રપાન માટેની પાઈપ હોય જેમાંથી ખરેખર ધુમાડો ન નીકળે પણ ધૂમ્રપાનની નકલ કરી શકાય એવી બધી વસ્તુઓને કન્ફેકશનરી (પીપરમેંટ) ગણી નહિ શકાય. એનો મુખ્ય ઉદ્દેશ લોકોને ધૂમ્રપાન બંધ કરવામાં મદદ કરવાનો નથી, પરંતુ તે સિવાયનો છે.

ડિસેમ્બર 2003થી 18 વર્ષથી નાની વયની કોઈ વ્યકિતને આવી રમકડા જેવી તમાકુની વસ્તુ વેચવી એ ગુનો છે.

## અપરાધો અને એના દંડ

સગીરને તમાકુની વસ્તુ વેચનાર છૂટક વેપારીને 2000 ડોલર સુધીની રકમનો દંડ કરી શકાય છે.

જે વેપારીએ સગીર ગ્રાહકને વારંવાર તમાકુની વસ્તુઓ વેચી હશે તેના પર ત્રણ મહિના સુધીના ગાળા માટે કોઈને પણ તમાકુની વસ્તુ ન વેચવાનો પ્રતિબંધ લાગુ કરી શકાશે.

જે વેપારીને સગીર વ્યકિતને તમાકુની વસ્તુ વેચવા માટે બે વર્ષમાં ઓછામાં ઓછી બે વાર દંડ થયો હશે તેને 'રિપીટ ઑફેન્ડર' (ફરી ગુનો કરનાર) ઠરાવવામાં આવશે. આ જોગવાઈ 10 માર્ચ 2004થી લાગુ પડે છે.

જે વેપારી કોર્ટના આદેશનું પાલન કરવામાં ચૂક કરશે તેને 4000 ડોલર (વ્યકિત) અથવા 10,000 ડોલર (કંપની)સુધીનો દંડ કરી શકાશે.

### અમલ

માર્ચ 2004 થી નિયત કરેલા ખાસ એન્ફોર્સમેન્ટ ઑફિસરોને ફરિયાદોની તપાસ કરવાની મર્યાદિત સત્તાઓ મળે છે. દાખલા તરીકે,

- વાજબી ગણાય તેવા સમયે સ્થળમાં પ્રવેશ અને નિરીક્ષણ
- ફોટા લેવા કે વીડિયો ફિલ્મો બનાવવી
- જાહેરાત કે નિદર્શન માટેની સામગ્રીનું નિરીક્ષણ કરવું.

### અવરોધ

એન્ફોર્સમેન્ટ ઑફિસરને એની સત્તાઓના ઉપયોગ કરવામાં આડે આવવા બદલ અથવા જરૂરી માહિતી આપવામાં નિષ્ફળ જવા બદલ 1000 ડૉલરની મર્યાદા સુધી દંડ થઈ શકે છે.

## વધારે માહિતી

આ માહિતી માત્ર માર્ગદર્શનરૂપ છે અને બધી સ્થિતિઓ માટે સચોટ ન પણ હોય. આ માહિતીને કાનૂની કે બીજી નિષ્ણાત સલાહનો વિકલ્પ માનવાની નથી.

દુકાને નોટિસ બોર્ડ મુકવાની જોગવાઈ અને છુટક વેપારીની કાર્યસ્થળ માટેની જવાબદારીઓ વિશેનાં પેમ્ફલેટ્સ 2004માં પ્રસિદ્ધ થશે.

તમાકુ, આરોગ્ય અને સ્મૉક–ફ્રી એન્વાયરનમેન્ટ્સ ઍક્ટ 1990 વિશે વધુ જાણવા સંપર્ક કરો :

www.smokefreelaw.co.nz

www.moh.govt.nz

www.healthed.govt.nz

સ્થાનિક ડિસ્ટ્રિક્ટ હેલ્થ બોર્ડની પબ્લિક હેલ્થ સર્વિસ

પબ્લિક હેલ્થ સર્વિસના સંપર્કની વિગતો :

NEW ZEALAND. DECEMBER 2004. REPRINTED JANUARY 2006. CODE 1604 GUJURATI.